Extra No. 148

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, JUNE 9, 2026 / JYAISTHA 19, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

આમુખ:

(૧) મુખ્ય અધિકારીશ્રી તલોદ નગરપાલિકાના તા.૨૦/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક:તનપા/આર.ઓ.બી/ ૧૭૮/૨૦૨૬

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા, હિંમતનગરના તા. ૩૦/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક:ટ્રાફિક/રેલ્વે ફાટક/ બંધ/અભિપ્રાય/૭૪૪

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ.-૨/તલોદ નગરપાલિકા/રસ્તો/ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૭૯૦/૨૦૨૬ આમુખ-(૧)ના પત્રથી મુખ્ય અધિકારીશ્રી તલોદ નગરપાલિકા ધ્વારા તલોદ નગરપાલિકા વિસ્તારમાં આવેલ LC-53T પર ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની-ગાંધીનગરના નેજા હેઠળ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલ પ્રગતિમાં છે. જે માટે ટ્રાફિક ડાયવર્ઝન કરવા. અંગે અત્રેથી જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેનો પ્રતિબંધિત સમયગાળો તા.૦૨/૦૬/૨૦૨૬ સુધીનો હોઈ અને ઓવરબ્રીજ અને સર્વિસ રોડનું કામ હજુ નવ માસ પ્રગતિમાં રહેવાનું હોઈ તા.૦૩/૦૬/૨૦૨૬ થી વધું ૬ માસ માટે ટ્રાફિક ડાયવર્ઝન કરવા અંગે જાહેરનામું લંબાવવા માંગણી કરેલ છે.

આમુખ-(૨)ના પત્રથી પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગર ધ્વારા તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) બંધ કરવા અને જાહેરનામું ચાલુ રાખવા કરવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

વાસ્તે, તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) ઉપર ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની ગાંધીનગરના નેજા હેઠળ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી હાલ પ્રગતિમાં હોઈ ફાટક નં.૫૩ (ટી) વાળો રસ્તો બંધ કરી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાના ઉપયોગ માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવું આવશ્યક જણાય છે. જેથી ફાટક નં.૫૩ (ટી) ઉપર રેલ્વે ઓવર બ્રિજની કામગીરી શરૂ થયેથી નીચે દર્શાવેલ વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર વૈકલ્પિક રૂટ ::-

તલોદ નગરપાલિકા વિસ્તાર ખાતે આવેલ ફાટક નં.૫૩ (ટી) વાળો રસ્તો.

-:: વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

ભારે વાહનોની અવર જવર માટે ડાયવર્ઝન આપી વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) સવાર કલાક ૦૫/૦૦ થી રાત્રિના કલાક ૨૨/૦૦ સુધી અમદાવાદ-ગાંધીનગર મજરા ચોકડી થઇ તલોદ ધનસુરા, ધનસુરા તરફ આવતા ભારે વાહનો મજરા ચોકડી થી પ્રાંતિજ સલાલ-સોનાસણ-રામપુરા થઇ વાવડી ચોકડી થઇ હરસોલ ચોકડી થઈ ધનસુરા તરફ જશે અથવા અમદાવાદ-ગાંધીનગર-દહેગામ-રખિયાલ હરસોલ તરફ જશે અને (રાત્રિના ૨૨/૦૦થી સવાર કલાક ૦૫/૦૦ સુધી સદર ભારે વાહનો મજરા ચોકડીથી મહિયલ કોલેજ, કેશરપુરા પાટીયા થઈ ટી.આર.ચોકડી તરફ જશે.)

(૨) સવાર કલાક ૦૫/૦૦ થી રાત્રિના કલાક ૨૨/૦૦ સુધી ધનસુરાથી તલોદ થઈ ગાંધીનગર-અમદાવાદ તરફ જતા ભારે વાહનો હરસોલ ચોકડી-વાવડી ચોકડી-રામપુરા-સોનાસણ-સલાલ-પ્રાંતિજ થઈ ગાંધીનગર-અમદાવાદ તરફ જશે અથવા હરસોલ ચોકડીથી રખિયાલ દહેગામ થઈ ગાંધીનગર-અમદાવાદ તરફ જશે અને (રાત્રિના ૨૨/૦૦ થી સવાર કલાક: ૦૫/૦૦ સુધી સદર ભારે વાહનો ટી.આર.ચોકડી થઇ લેભોર ચોકડી થઈ મહિયલ કોલેજ મહિયલ ગામ થઈ મહિયલ ચોકડી થઈ મજરા તરફ જશે.)

(3) તલોદ એ.પી એમ.સી.માં ખેત પેદાશો લઈ પ્રવેશતા ભારે વાહનો તથા નાના વાહનો તલોદ ટાવર વાળા મુખ્ય દરવાજાનો ઉપયોગ કરશે જ્યારે તલોદ એ.પી.એમ.સી.માંથી માલ ભરેલ ભારે વાહનો તથા નાના વાહનો એ.પી.એમ.સી. માંથી બહાર નિકળવા માટે એ.પી.એમ.સી.ના પૂર્વ બાજુનાં દરવાજાનો ઉપયોગ કરશે.

અન્ય નાના વાહનો (લાઇટ વિહીકલા માટે ડાયવર્ઝન આપી વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) મજરા ચોકડી તરફથી તલોદ આવતા નાના વાહનો (લાઇટ વિહીકલ) માટે તલોદ મજરા રોડ ઉપર આવેલ મહિયલ ચોકડીથી મહિયલ ગામમાં તલોદ કોલેજ થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ ટી.આર.ચોકડી તરફનો રસ્તો

(2) ધનસુરા તરફથી મજરા તરફ જતા નાના (લાઇટ વિહીકલ) તલોદ ટી. આર. ચોકડી થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ કોલેજ રોડ થઈ મહિયલ ગામમાં થઈ મહિયલ ચોકડી થઈ મજરા ચોકડી તરફ જશે.

તલોદ એસ.ટી કંટ્રોલ ખાતે આવતી જતી એરા.ટી.બસો માટે વૈકલ્પિક રસ્તાની વિગત:-

(૧) તલોદ એસ.ટી.કંટ્રોલ ખાતે આવતી/જતી એસ.ટી.બસો મહિયલ ચોકડીથી મહિયલ ગામમાં થઈ તલોદ કોલેજ થઈ કેશરપુરા પાટીયા થઈ તલોદ ટી.આર.ચોકડીવાળા રોડનો ઉપયોગ કરશે.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૦૩/૦૬/૨૦૨૬ના કલાક ૦૦-૦૦ થી તા.૨૯/૧૧/૨૦૨૬ના કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. (બંને દિવસો સહિત ૧૮૦ દિવસો માટે)

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-:: જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ ઉપરાંત ઉપરના ભારે વાહનોના વૈકલ્પિક રસ્તા ઉપર નીચે જણાવેલ સ્થળોએ સાઈન બોર્ડ-બેરીકેડસ-હેલોઝન લાઈટ જે તે કોન્ટ્રાક્ટર/ ગુજરાત શહેરી વિકાસ મિશન કંપની, ગાંધીનગર તરફથી લગાડવાની વ્યવસ્થા કરાવવાની રહેશે. :

ઉપરોક્ત વૈકલ્પિક વ્યવસ્થાના સુચારુ અનુપાલન માટે હરસોલ ચોકડી-વાવડી ચોકડી-કેશરપુરા પાટીયા-મહિયલ ગામ-મહિયલ ચોકડી ઉપર સાઈન બોર્ડ લગાડવા તથા આ સ્થળોએ બેરીકેડસ મુકવાની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ ઉપરોકત સ્થળોએ અને ચાર રસ્તા પર યોગ્ય હેલોઝન લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે. સાથે સાથે મહિયલ ગામમાં આવેલ વળાંકમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

આજ તા. ૨જી જુન, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા, હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.06.29 15:57:44 IST